અનુસૂચિત જાતિના પ્રમાણપત્રોની ચકાસણી
માટે વિશ્લેષણ સમિતિની રચના બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:SJED/AJP/e-file/17/2023/3561/H
સચિવાલય, ગાંધીનગર.
તા:૦૨/૦૨/૨૦૨૪

-

<u>વંચાણે લીધા:</u>

(૧) આ વિભાગનો તા:૨૬/03/૨૦૦૨ નો ઠરાવ ક્ર:જપસ-૧૦૯૬/આઈ-૭૮(૯૫)(૧)/ક
(૨) આ વિભાગનો તા:૨૯/૦૪/૨૦૦૫ નો ઠરાવ ક્ર:જપસ-૧૦૯૬-આઈ૭૮-(૯૫)(૧)/ક
(3) નિયામકશ્રી (અ.જા.ક.) નો તા:૧૨/૦૯/૨૦૨૩ નો પત્ર ક્ર:અજાક/મ-૪/૧૪૯/૨૦૨૩/૪૭૪૬

<u>ઠરાવ:-</u>

વંચાણે લીધેલ ક્રમાંક :(૧) પરના વિભાગના તા:૨૬/૦૨/૨૦૦૨ના ઠરાવથી ગુજરાત રાજ્ય પુરતું અનુસૂચિત જાતિના પ્રમાણપત્રોની ખરાઈ કરવા/ચકાસણી માટે વિશ્લેષણ સમિતિ(Scrutiny Committee) ની રચના કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક :(૨) પરના વિભાગના તા:૨૯/૦૪/૨૦૦૫ના ઠરાવ થી આ સમિતિના માળખામાં આંશિક સુધારો કરવામાં આવેલ છે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક :(3) પરના તા:૧૨/૦૯/૨૦૨૩ના પત્રથી આ વિશ્લેષણ સમિતિના માળખામાં સુધારો કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. કાળજીપૂર્વકની વિચારણાને અંતે ગુજરાત રાજ્ય પુરતું અનુસૂચિત જાતિના પ્રમાણપત્રોની ખરાઈ કરવા/ચકાસણી માટે નીચે મુજબ રાજ્યકક્ષાની વિશ્લેષણ સમિતિ(Scrutiny Committee)ની રચના રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | અધિક સચિવશ્રી/સંયુકત સચિવશ્રી/નાયબ સચિવશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, સા. ન્યા. અ. વિ., સચિવાલય, ગાંધીનગર | અધ્યક્ષશ્રી |

| | | |
|---|---|---|
| (૨) | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્યશ્રી |
| (૩) | કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ સંશોધન અને તાલીમ સોસાયટી | સભ્યશ્રી |
| (૪) | સેકશન અધિકારીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (અનુસૂચિત જાતિ પ્રમાણપત્ર શાખા) | સભ્યશ્રી |
| (૫) | સંયુક્ત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર | સભ્ય સચિવશ્રી |

3. વિશ્લેષણ સમિતિના કાર્યો/ફરજો, સમિતિની સત્તાઓ વગેરે અન્ય બાબતો તા.૨૬/૦૨/૨૦૦૨ ના ઠરાવ મુજબ યથાવત રહેશે.

૪. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: CHIRAGKUMAR RASIKBHAI PATEL
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 02-Feb-2024 (06:15 PM)

(ચિરાગ પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ સવિનય રવાના:</u>

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદારભવન, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સરદારભવન, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતાનું કાર્યાલય, ગાંધીનગર.
- સમિતિના તમામ સભ્યશ્રીઓ(નિયામકશ્રી - અ.જા.ક. મારફતે)
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી,મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સરદારભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.(આ બાબત સબંધિત સર્વે સક્ષમ અધિકારીશ્રીઓને ધ્યાન ઉપર લાવવા સારુ)
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (સર્વે વિભાગો), સરદારભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ / જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લા પોલીસ કમિશ્નરશ્રીઓ
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ
- સેક્શન અધિકારીશ્રી (કો. સેલ), વિભાગની વેબસાઈટ પર મૂકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૪

---

* પત્ર દ્વારા.